# કારમાં આગ: 10 લાખ બળી ગયા

**આજણા ફાર્મમાં** બનેલી ઘટનામાં કારનો માલિક અંતિક શર્મા હોવાનું સામે આવ્યું



સુરત : શહેરમાં ચલણી નોટો સળગી ગઈ હોવાની મોટી ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. પ્રથમ ઘટનામાં ગઈકાલે સાંજે આંજણા ફાર્મ પાસે પાર્ક કરેલી એક ગ્રાન્ટ વિટારા કારમાં આગ લાગતા તેમાં રાખેલા 10 લાખ રૂપિયા બળીને ખાખ થઈ ગયા હોવાનુ સામે આવ્યુ છે.

મળતી વિગતો મુજબ આંજણામાં કચરાની આગ કાર સુધી પહોંચી હતી. સુરત શહેરના આંજણા ફાર્મ વિસ્તારમાં આવેલી પ્રસિદ્ધ રઘુકુળ માર્કેટ પાસે શુક્રવારે એક દુર્ઘટના ઘટી હતી. અહીં રોડ સાઈડ પર કચરો સળગાવવામાં આવી રહ્યો હતો, જેની ઝપેટમાં ત્યાં પાર્ક કરેલી ગ્રાન્ડ વિટારા કાર (નંબર GJ 05 JT 2503) આવી ગઈ હતી. કારનો માલિક અંકિત શર્મા નામનો વેપારી હોવાનું જાણવા મળ્યુ છે.

આગ એટલી ભયાનક હતી કે જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. 500ના દરના નોટોના બંડલ બળીને ખાખ થઇ ગયા હતા. કમનસીબી એ હતી કે કારના માલિકે કારની અંદર લાખો રૂપિયાની રોકડ મૂકી હતી. કારની સાથે અંદર રહેલા 500ના દરના નોટોના બંડલ પણ બળીને રાખ થઈ ગયા હતા.

## પાંડેસરામાં કચરાના ઢગલામાંથી અર્ધ સળગેલી નોટો મળી

પાંડેસરામાં મારુતિ ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં જ્યાં કચરો ઠાલવવામાં આવે છે, ત્યાં સ્થાનિકોએ 500 રૂપિયાની અનેક નોટો સળગેલી હાલતમાં જોઈ હતી. કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા અંદાજે 1000 જેટલી 500ની નોટો અહીં લાવીને સળગાવી દેવામાં આવી હોવાની ચર્ચા છે.

ર. પોલીસે સ્થળ પરથી અર્ધ સળગેલી નોટોના નમૂના કબજે કર્યા છે. હાલ પોલીસ સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ નોટો અસલી ચલણ છે કે પછી ચિલ્ડ્રન બેંકની નકલી નોટો? તેની તપાસ માટે નોટ એફએસએલ (FSL) તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરી રહી છે. એક શખ્સે દોડીને આવીને આગ ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો.

# ભેસ્તાન સ્ટેશન પાસે વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો

**ઉધના** RPFએ સીસીટીવીના આધારે સગીરને ઝડપી પાડ્યો



સુરતઃ સુરત અને મુંબઈ વચ્ચે દોડતી હાઈસ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ (22962) પર પથ્થરમારો કરી બારીનો કાચ તોડી નાખવાની ઘટનામાં ઉધના આરપીએફ (RPF) ને મોટી સફળતા મળી છે. સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી આરપીએફની ટીમે પથ્થર ફેંકનાર ૧૨ વર્ષીય કિશોરની ઓળખ કરી તેની અટકાયત કરી છે.

મળતી માહિતી મુજબ ગઈકાલે તારીખ ૨૬/૦૨/૨૦૨૬ના રોજ સવારે આશરે ૦૮:૩૩ વાગ્યે જ્યારે વંદે ભારત એક્સપ્રેસ ભેસ્તાન રેલવે સ્ટેશન પરથી પસાર થઈ રહી હતી, ત્યારે એક અજાણ્યા શખ્સ દ્વારા ટ્રેન પર પથ્થર ફેંકવામાં આવ્યો હતો. આ પથ્થરમારામાં ટ્રેનના કોચ નંબર C/16 ની બારીનો કાચ ફૂટી ગયો હતો. આ ગંભીર ઘટનાને પગલે રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.ઘટના બાદ રેલવેના ટેકનિકલ વિભાગ (SSE/C|W, KKF) પાસેથી સીસીટીવી ફૂટેજ અને ફોટોગ્રાફ્સ મંગાવવામાં આવ્યા હતા. ફૂટેજની તપાસ કરતા એક છોકરો ટ્રેન પર પથ્થર ફેંકતો સ્પષ્ટ દેખાયો હતો. આ ફૂટેજના આધારે એએસઆઈ (ASI) રવિ કુમાર, હેડ કોન્સ્ટેબલ જોગીન્દર અને કોન્સ્ટેબલ પ્રદીપની ટીમે ભેસ્તાન સ્ટેશન વિસ્તારમાં ગુપ્ત વોચ ગોઠવી હતી.દરમિયાન તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૦૯:૩૦ વાગ્યે ફૂટેજમાં દેખાતો છોકરો ભેસ્તાન પ્લેટફોર્મ નંબર ૦૧ ના દક્ષિણ છેડે દેખાતા આરપીએફની ટીમે તેને તુરંત ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે તે જ પથ્થર ફેંકનાર વ્યક્તિ છે. પકડાયેલ છોકરાનું નામ રાહુલ નામ બદલ્યું છે (ઉંમર ૧૨ વર્ષ) હોવાનું બહાર આવ્યું છે, જે રેલવેના પાટા નજીક આવેલી ઝૂંપડપટ્ટીમાં રહે છે.કિશોર સગીર હોવાથી તેના પિતા ને સ્થળ પર બોલાવી તેમની હાજરીમાં પંચનામું કરવામાં આવ્યું હતું. પિતાએ પણ પોતાના પુત્ર દ્વારા થયેલી આ ભૂલ બદલ નિવેદન આપ્યું છે. હાલ આ મામલે ઉધના આરપીએફ દ્વારા રેલવે એક્ટની કલમ ૧૫૩ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ એએસઆઈ રવિ કુમાર તિવારી ચલાવી રહ્યા છે.

## પરિયામાં યુવકે જીવન ટૂંકાવ્યું

પારડી : પારડી તાલુકાના પરીયા ગામ, વેલવાગડ સ્થિત ભૂમિહિન ફળિયામાં રહેતો રાહુલ પટેલ (ઉં.26)એ કોઈક અગમ્ય કારણોસર ઝાડ પર દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. મળતી માહિતી મુજબ, મૃતકની માતા કલાવતીબેન રાજેશભાઈ નાયકા પટેલે પોલીસ સમક્ષ આપેલી વિગતો અનુસાર, આજે સવારે તેમના પતિ અને નાનો દીકરો યતિન કડિયાકામ માટે ભેંસલાપાડા ગયા હતા અને તેઓ ઘરકામ માટે બહાર ગયા હતાં. બપોરે ઘરે પરત ફર્યા બાદ ઢોર માટે જુવાર લેવા વાડી તરફ ગયા ત્યારે રાહુલ આંબાની કલમના ઝાડ સાથે નાયલોનની દોરી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં દેખાયો હતો અને બુમાબુમ કરતાં આસપાસના લોકો ભેગા થયા હતાં. દોરી કાપી રાહુલને નીચે ઉતાર્યો હતો અને પારડી સ્થિત મોહનદયાળ હોસ્પિટલ સારવાર માટે ખસેડ્યો હતો. જ્યાં હાજર તબીબે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગેની જાણ પારડી પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

## મગદલ્લામાં ત્રણ વર્ષના બાળકનું તળાવમાં પડી જતા મોત

સુરતઃ મગદલ્લામાં ત્રણ વર્ષના બાળકનું રમતી વખતે તળાવમાં પડી જતા મોત નિપજ્યું હતું. મૂળ છોટાઉદેપુર જેતપુર તાલુકાના વતની ધર્મેન્દ્રભાઈ રાઠવા હાલ મગદલ્લા-આભવા ચોકડી પાસે આવેલ લુથરા ફાર્મ હાઉસમાં રહે છે. તેમનો 3 વર્ષીય પુત્ર આર્યન ગુરુવારે સાંજે 6 વાગ્યાના અરસામાં રૂમની બહાર રમી રહ્યો હતો. રમતાં-રમતાં આર્યન ગુમ થઇ ગયો હતો. અડધો કલાકની શોધખોળ બાદ ફાર્મની અંદર આવેલા તળાવમાંથી આર્યન બેભાન હાલતમાં મળી આવ્યો હતો. જેથી તાત્કાલિક તેને સારવાર માટે વેસુ આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે આર્યનને મૃત જાહેર કર્યો હતો.

# ડિંડોલીમાં ધોળે દિવસે સળિયો બતાવી જ્વેલરી શોપમાં લૂંટ

**લોખંડના** સળિયા સાથે ઘૂસેલા નકાબપોશે મેનેજરને ધમકાવી રૂ. 3.57 લાખના ચાંદી-સોનાના દાગીના લૂંટી લીધા

સુરતઃ ડિંડોલી કરાડવા રોડ પર આવેલી શ્રીનાથ સોસાયટી નજીક મહાલક્ષ્મી જ્વેલર્સમાં બપોરના સમયે થયેલી લૂંટની ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી છે. નકાબપોશ આરોપીએ દુકાનમાં ઘૂસી મેનેજરને લોખંડના સળીયા વડે ડરાવી આશરે રૂ. 3.57 લાખના ચાંદી અને સોનાના દાગીના લૂંટી નાસી છૂટ્યો હતો. ડિંડોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડિંડોલી કરાડવા રોડ પર આવેલી શ્રીનાથ સોસાયટીમાં રહેતા હરિસિંઘ માનસિંઘ કિતાવત (ઉ.વ. 27), જે મહાલક્ષ્મી જ્વેલર્સ નામની દુકાનમાં મેનેજર તરીકે નોકરી કરે છે, તેઓ તા. 26 ફેબ્રુઆરી 2026ના રોજ બપોરે આશરે 1:45 વાગ્યે દુકાનમાં હાજર હતા. તે દરમિયાન કાળા રંગના કપડા પહેરેલો અને મોઢા પર કાળો કપડો બાંધેલો અંદાજે 30 થી 35 વર્ષની વયનો અજાણ્યો ઈસમ દુકાનમાં પ્રવેશ્યો હતો. આરોપી હાથમાં લોખંડના સળીયા જેવું હથિયાર લઈને સીધો કાઉન્ટર પાસે પહોંચ્યો અને મેનેજર હરિસિંઘને મારવાની ધમકી આપી ભયભીત કર્યા હતા. અચાનક બનેલી ઘટનાથી દુકાનમાં હાજર સ્ટાફ ગભરાઈ ગયો હતો. આરોપીએ પહેલા કાઉન્ટરમાંથી ચાંદીની 22 મૂર્તિઓ, જે પ્રતિ મૂર્તિ રૂ. 1500 મુજબ કુલ રૂ. 33,000ની થાય છે, તે કબજે કરી લીધી હતી. ત્યારબાદ ખુલ્લી તિજોરીમાંથી 18 કેરેટ સોનાની 24 જોડી બુટ્ટી, કુલ 36 ગ્રામ વજનની, જેનો અંદાજિત દર પ્રતિ ગ્રામ રૂ. 9,000 ગણતા કુલ રૂ. 3,24,000 થાય છે, તે પણ લૂંટી લીધી હતી. આમ ચાંદી અને સોનાના દાગીનાં મળી કુલ રૂ. 3,57,000ના માલમત્તાની લૂંટ કરી આરોપી ફરાર થઈ ગયો હતો.બનાવની જાણ થતા ડિંડોલી પોલીસ મથકની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી કેમેરાની ફૂટેજ એકત્રિત કરવામાં આવી રહી છે અને શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે. હરિસિંઘ કિતાવતની ફરિયાદના આધારે લૂંટનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## હજીરામાં ગર્ભવતી પત્ની પિયરે ચાલી જતાં યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ બિહારના વતની લાલદેવ રામાશંકર પંડિત (ઉ.વ.26) હાલ હજીરાગામ લાકડાવાલા ફળિયામાં પત્ની સાથે રહેતો હતો. લાલદેવ હજીરાની ખાનગી કંપનીમાં હેલ્પર તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. બે વર્ષ પહેલાં તેનાં લગ્ન થયાં હતાં. તેમજ તેની પત્નીને 5 મહિનાનો ગર્ભ પણ છે. છેલ્લા કેટલાક સમયથી દંપતી વચ્ચે ઝઘડો પણ થતો હતો. જેથી પાંચેક દિવસ પહેલાં પત્ની પિયરે ચાલી ગઈ હતી, જેના ટેન્શનમાં લાલદેવ બે દિવસથી નોકરીએ પણ જતો ન હતો. અંતે લાલદેવે ગુરુવારે રાત્રે પંખા સાથે રૂમાલ બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# કિશોરી પર દુષ્કર્મ કરી પિતાને મારી નાંખવાની ધમકી આપી

**ઈન્સ્ટાગ્રામથી** સંપર્ક વધારી વેસુની હોટલમાં બળજબરી, ફરિયાદ કરતા 'બે દિવસમાં ઊંચકી લઈ જઈશું' કહી ધમકાવ્યા

સુરત : વરાછા વિસ્તારમાં સોશિયલ મીડિયા મારફતે થયેલી ઓળખાણ એક કિશોરી માટે ભયાનક સાબિત થઈ છે. મિત્રતા અને વિશ્વાસના નામે એક યુવકે કિશોરીને ફરવા લઈ જઈ વેસુ સ્થિત હોટલમાં બળજબરીથી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. મામલો બહાર આવતા કિશોરીના પિતાને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ છે. વરાછા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત શહેરમાં ફરી એકવાર સોશિયલ મીડિયા મિત્રતાના દુરુપયોગનો ગંભીર બનાવ સામે આવ્યો છે. વરાછા વિસ્તારમાં રહેતી એક કિશોરીનો સંપર્ક ઈન્સ્ટાગ્રામ મારફતે સિંગણપોર વિસ્તારમાં રહેતા દ્વારકેશ શૈલેષભાઈ પ્રજાપતિ સાથે થયો હતો. શરૂઆતમાં સામાન્ય ઓળખાણથી શરૂ થયેલી વાતચીત ધીમે ધીમે નજીકની મિત્રતામાં પરિવર્તિત થઈ હતી.

ફરિયાદ મુજબ, વર્ષ 2024 દરમિયાન આરોપી કિશોરીને ડુમ્મસ તથા શહેરના અલગ-અલગ ગાર્ડનમાં ફરવા લઈ જતો હતો. વિશ્વાસમાં લઈ તેણે કિશોરીને જન્માષ્ટમીના દિવસે વેસુ વિસ્તારમાં આવેલી વી લવ નામની હોટલમાં લઈ જઈ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. કિશોરીએ આ બનાવ અંગે પરિવારને જાણ કરતા મામલો પ્રકાશમાં આવ્યો હતો.

કિશોરીના પિતાએ આરોપીને ફોન પર પૂછપરછ કરતાં આરોપીએ ઉદ્ધત વર્તન દાખવી બે દિવસમાં ઊંચકી લઈ જઈશું અને ઠેકાણે પાડી દઈશું જેવી ગંભીર ધમકીઓ આપી હોવાનો આક્ષેપ છે. એટલું જ નહીં, પોલીસમાં જશો તો જાનથી મારી નાખીશ તેવી પણ ધમકી આપવામાં આવી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે. પરિસ્થિતિની ગંભીરતા સમજતા અંતે કિશોરીના પિતાએ વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી દ્વારકેશ પ્રજાપતિ તેમજ અન્ય અજાણ્યા શખ્સ સામે દુષ્કર્મ અને ધમકીની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

## CA ફાઈનલનું પરિણામ 1 માર્ચે જાહેર થશે

સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) દ્વારા જાન્યુઆરી 2026માં યોજાયેલી CA ફાઈનલ પરીક્ષાના પરિણામની સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવી છે. લાખો વિદ્યાર્થીઓની રાહ જોઈ રહેલી આતુરતાનો અંત લાવતા ICAIએ જણાવ્યું છે કે, પરિણામ 1 માર્ચ, 2026ના રોજ સાંજે જાહેર થશે. ICAIના પરીક્ષા વિભાગ દ્વારા 26 ફેબ્રુઆરીના રોજ જારી કરાયેલી સત્તાવાર સૂચના અનુસાર ઉમેદવારો પોતાનું પરિણામ સંસ્થાની અધિકૃત વેબસાઇટ icai.nic.in અથવા icai.org પર મોડી સાંજ સુધીમાં એક્સેસ કરી શકશે. પરિણામ જોવા માટે વિદ્યાર્થીઓએ પોતાનો રજિસ્ટ્રેશન નંબર અને રોલ નંબર દાખલ કરવાનો રહેશે. જાન્યુઆરી-2026 સત્રની CA ફાઈનલ પરીક્ષાઓ બે ગ્રુપમાં યોજાઈ હતી. ગ્રુપ-1ની પરીક્ષાઓ 5, 7 અને 9 જાન્યુઆરીએ લેવાઈ હતી, જ્યારે ગ્રુપ-2ની પરીક્ષાઓ 11, 13 અને 16 જાન્યુઆરી, 2026ના રોજ આયોજિત થઈ હતી.

# તુષાર ઘેલાણી આપઘાત કેસમાં સોગંદનામું રજૂ કરાયું

**કોર્ટમાં** જામીન અરજીની વધુ સુનાવણી આવતીકાલે થશેઃ મુળ ફરિયાદ પક્ષે સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ હાજર રહ્યાં

સુરતઃ શહેરના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં આત્મહત્યાની દુષ્પ્રેરણાના ગુનામાં ધરપકડ કરાયેલી સ્ત્રી મિત્ર પુનમ ભદોરિયાની જામીન અરજીની કોર્ટમાં સુનાવણી દરમિયાન સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ જામીન અરજીનો વિરોધ કરતું તપાસ અધિકારીનું સોંગદનામુ રજૂ કર્યું હતુ. જયારે મૂળ ફરિયાદ પક્ષે સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ હાજર રહ્યાં હતાં અને મૂળ ફરિયાદી પક્ષે વકીલ કલ્પેશ દેસાઇએ જામીન અરજીનો વિરોધ કરતી એફીડેવિટ રજૂ કરી હતી. આ તબકકે કોર્ટ દ્વારા તપાસ અધિકારી હાજર નહીં રહેવા બાબતે પુચ્છા કરતાં સરકાર પક્ષે તપાસ અધિકારી પાસપોર્ટ ઓફિસે બોંબ મુકાયાના મેસેજનાં તપાસ કામે ત્યાં હોવાનું જણાવ્યું હતું. આ જામીન અરજીની વધુ સુનાવણી આવતીકાલે રાખવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે ઉમરા પોલીસે મહિલા મિત્ર પુનમ બ્રિજમોહનસિંગ ભદોરિયા સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપી પુનમે વકીલ વિનય શુક્લા મારફતે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. આ જામીન અરજીની ગઈકાલે સુનાવણી વેળા તપાસ અધિકારીનો રજા રિપોર્ટ રજૂ કરાયો હતો. કોર્ટમાં આ જામીન અરજીની વધુ સુનાવણી આવતીકાલે થશે.

# લાંચિયા ઈજનેર ગણેશવાલા મોબાઈલ વગર હાજર થયા!

**7 દિવસનાં** હાઈડ-એન્ડ-સીક બાદ આખરે શરણાગતિ

**રહસ્યો** છુપાવવા સ્માર્ટફોન ગાયબ કરી દેવાયાની ચર્ચા



સુરતઃ 15 લાખ ટોડ કાંડમાં આખરે એક સપ્તાહ બાદ સસ્પેન્ડેડ કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા નાટ્યાત્મક રીતે એસીબીમાં હજાર થતાં ધરપકડ થઈ હતી.

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં ડિમોલિશન ન કરવાના બદલામાં ૧૫ લાખની મસમોટી લાંચ માંગનાર સસ્પેન્ડેડ કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા આખરે શુક્રવારે એસીબી (ACB) સમક્ષ શરણે થયા છે. પરંતુ તેમની 'મોબાઈલ વગર'ની એન્ટ્રીએ તપાસ અધિકારીઓ અને પાલિકાના આલમમાં અનેક તર્કવિતર્ક જગાવ્યા છે. ગણેશવાલા જ્યારે એસીબી કચેરીએ પહોંચ્યા ત્યારે તેમની પાસે તેમનો મુખ્ય મોબાઈલ ફોન નહોતો. ભ્રષ્ટાચારના કેસોમાં આજકાલ વોટ્સએપ ચેટ, કોલ રેકોર્ડિંગ અને લોકેશન હિસ્ટ્રી સૌથી મજબૂત પુરાવા સાબિત થતા હોય છે. કાયદાના નિષ્ણાતો માની રહ્યા છે કે, ગત એક સપ્તાહ દરમિયાન ગણેશવાલાએ કયા મળતિયાઓ સાથે સંપર્ક કર્યો અને લાંચના સોદાબાજીના પુરાવા ક્યાં છે, તે છુપાવવા માટે જ જાણીજોઈને ફોન રસ્તામાં ક્યાંક ફેંકી દીધો અથવા સગેવગે કરી દીધો હોઈ શકે છે. તપાસ અધિકારી માટે હવે આ 'ગાયબ' મોબાઈલ શોધી કાઢવો એક મોટો પડકાર બની રહેશે. આ આખા ખેલમાં ૪ લાખનો પહેલો હપ્તો લઈને નાસી છૂટેલો 'નિષ્પક્ષ ગુજરાત'નો કથિત પત્રકાર ઈસ્માઈલ ઉર્ફે પરવાના પઠાણ હજુ પણ પોલીસના સકંજાથી દૂર છે. પત્રકાર પાસે રહેલી રોકડ રકમ અને ગણેશવાલાનો મોબાઈલ આ કેસની મુખ્ય કડીઓ છે. એસીબી હવે ગણેશવાલાનાં રિમાન્ડ મેળવી પૂછપરછ કરશે કે આખરે એવો તે કયો ડર હતો કે તેઓએ મોબાઈલ વગર હાજર થવું પડ્યું? શું આમાં પાલિકાના અન્ય કોઈ 'મોટાં માથાં'નાં નામ છુપાવવાનો પ્રયાસ છે?

# સુરતના વેપારીઓ અફઘાનિસ્તાનમાં જેમ્સ એન્ડ જ્વેલરી પ્રદર્શિત કરશે

**અગ્રણી** ઉદ્યોગકાર દીપક ચોક્સીએ અફઘાનિસ્તાનમાં ઉચ્ચસ્તરીય બેઠકો યોજી



સુરતઃ ચેમ્બરના સભ્ય દિપક ચોક્સીએ તા. ૧૫ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન અફઘાનિસ્તાનની વ્યાપારિક સંસ્થાઓ સાથે મુલાકાતો યોજી, જેમાં દ્વિપક્ષીય વેપાર તકોને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બરના સહયોગથી અફઘાનિસ્તાનમાં જેમ્સ એન્ડ જ્વેલરી એક્ઝિબિશન યોજવા આયોજન ચાલી રહ્યું છે. અફઘાનિસ્તાન સરકારે વિશેષ સહયોગની ખાતરી આપતા રજિસ્ટ્રેશન, લાયસન્સિંગ તથા અન્ય જરૂરી પ્રક્રિયાઓ ઝડપી ગતિએ પૂર્ણ કરવા માટે સકારાત્મક વલણ દર્શાવ્યું હતું. અફઘાનિસ્તાનની મુલાકાત દરમિયાન કાબુલ શહેરના મેયર, મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના મંત્રી નુરૂદ્દીન અઝીઝી તથા એક્ઝિબિશન સંચાલનના પ્રિન્સિપલ સેક્રેટરીએટ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી સમયમાં અફઘાનિસ્તાન ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે વિશેષ એક્ઝિબિશન યોજવાની તથા તેમાં દિપકભાઈની આગેવાની હેઠળ ભારતીય ભાગીદારી સુનિશ્ચિત કરવાની ચર્ચા કરવામાં આવી હતી.

## જહાંગીરપુરામાં એગ્રીકલ્ચર ડોક્ટરનું બેભાન થઈ જતા મોત

સુરતઃ જહાંગીરપુરામાં એગ્રીકલ્ચર ડોક્ટરનું બેભાન થઈ જતા મોત નિપજ્યું હતું. મૂળ તમિલનાડુના વતની, કાઠી રાવન વેલુસ્વામી (41 વર્ષ) હાલ જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ અંજની એન્કલેવમાં બે પુત્રી સહિતના પરિવાર સાથે રહેતો હતો. કાઠી રાવન એગ્રીકલ્ચર ડોક્ટર હતા. શુક્રવારે સવારે કાઠી રાવન ઘરમાં હાજર હતા. ત્યારે તેઓ અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા. જેથી તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. કાઠી રાવનનું હાર્ટ એટેકને કારણે મોત થયું હોવાની શક્યતા ડોક્ટરે વ્યક્ત કરી હતી.

# આજથી તરુણીઓને ગર્ભાશયના કેન્સર વિરોધી રસી મુકાશે

**મનપાનાં** 57 આરોગ્ય કેન્દ્ર પર મનપા 42 હજાર તરુણીને લાભ આપશે

સુરતઃ ભારતમાં મહિલાઓમાં જોવા મળતા કેન્સરમાં ગર્ભાશયના મુખનું કેન્સર બીજા ક્રમે છે, જેની ગંભીરતાને ધ્યાને રાખીને 28 ફેબ્રુઆરી 2026 ના રોજ અજમેર ખાતેથી વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવશે. જેના ભાગરૂપે ગુજરાતમાં મુખ્યમંત્રી દ્વારા રાજ્યવ્યાપી પ્રારંભ કરાશે અને સુરતમાં સ્મીમેર હોસ્પિટલના લેકચર હોલ ખાતે સવારે 11:30 કલાકે આ અભિયાનનો શુભારંભ થશે. આ રસીકરણ માટે 01/01/2011 થી 29/02/2012 દરમિયાન જન્મેલી અને 14 વર્ષ પૂર્ણ કરી 15 માં વર્ષમાં પ્રવેશતી કિશોરીઓને પાત્ર ગણવામાં આવી છે. શાળાએ જતી કિશોરીઓ માટે શિક્ષણ વિભાગ સાથે સંકલન કરી ખાસ પેરેન્ટ-ટીચર મીટિંગ (PTM) યોજાશે, જેમાં વાલીઓને રસીનું મહત્વ સમજાવી નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર કે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રસી અપાવવા પ્રેરિત કરાશે. જ્યારે શાળાએ ન જતી કિશોરીઓ માટે હેડ કાઉન્ટ સર્વે કરીને તેમને ઓળખવામાં આવશે અને આગામી 3 મહિના સુધી સુરત મહાનગરપાલિકા સંચાલિત 57 જેટલા કોલ્ડ ચેઈન પોઈન્ટ પર તેમનું રસીકરણ વિનામુલ્યે કરાશે. આ રસી ખાનગી હોસ્પિટલમાં 1500થી 2000 રૂપીયામાં મુકી આપવામાં આવે છે.

આ રસીકરણ પ્રક્રિયાને સુરક્ષિત બનાવવા માટે તમામ સત્રો સુરત મહાનગરપાલિકાના 57 આરોગ્ય કેન્દ્રો પર જ યોજાશે. જો રસીકરણ બાદ કોઈ પ્રતિકૂળ અસર (AEFI) જણાય તો તેના મેનેજમેન્ટ માટે નવી સિવિલ હોસ્પિટલ, સ્મીમેર અને મસ્કતી હોસ્પિટલ સાથે સંકલન સાધવામાં આવ્યું છે. આ ઝુંબેશને સફળ બનાવવા માટે મહિલા મંડળો, સેલ્ફ હેલ્પ ગ્રુપ, આશા બહેનો અને વિસ્તારના પ્રભાવશાળી વ્યક્તિઓ મારફતે જનજાગૃતિ ફેલાવવામાં આવશે. આ ઉપરાંત IMA, IAP, FOGSI અને FPA જેવી વ્યાવસાયિક સંસ્થાઓ પણ વાલીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડશે. વિવિધ પ્રચાર માધ્યમો દ્વારા પણ આ રાષ્ટ્રીય કાર્યક્રમ અંગે માહિતી પહોંચાડવામાં આવશે જેથી તમામ પાત્રતા ધરાવતી કિશોરીઓ આ રસી મેળવી કેન્સર સામે સુરક્ષિત બની શકે.

# ઓપેરા ગ્રુપ-આગમ વાડેચા પર તપાસ યથાવત

**જાણકાર** ડેડા એનાલિસિસ ટીમ દ્વારા ડિજિટલ ડેટાનું સ્કેનિંગ

**આવકવેરા** વિભાગ સમક્ષ આગમ વાડેચાએ રોકાણના વટાણા વેરી દીધા

સુરતઃ મોટા બિલ્ડર ગ્રુપ ઓપેરા ગ્રુપ તથા પ્રોપર્ટી બ્રોકર આગમ વાડેચા સહિતનાં સ્થળોએ આવકવેરા વિભાગની ડીડીઆઈ વિંગ દ્વારા હાથ ધરાયેલું સર્ચ ઓપરેશન ત્રીજા દિવસે પણ યથાવત્ રહ્યું છે. તપાસ દરમિયાન મળેલા ડિજિટલ ડેટા, બેન્ક ટ્રાન્ઝેક્શન તથા બેનામી રોકાણ અંગેની વિગતોને આધારે બેનંબરી રોકાણનો તાગ મેળવવાની કવાયત્ શરૂ કરી દીધી છે. તેમજ જાણકાર ડેડા એનાલિસીસ ટીમ દ્વારા ડિજિટલ ડેટાની સ્કેનિંગ કરીને આર્થિક વ્યવહારોની વિગતો ડીડીઆઇ વિંગ મેળવી રહી છે. પ્રોજેક્ટના રોકાણકારો, બ્રોકરો અને કેટલાક અન્ય વ્યાવસાયિકો સાથે થયેલા નાણાકીય વ્યવહારોના રેકોર્ડ મળી આવ્યા હોવાનું આવકવેરા વિભાગનાં સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. સુરત, નવસારી, અમદાવાદ, રાજકોટ, ધોલેરા સહિતનાં શહેરોમાં કુલ ૨૫થી વધુ સ્થળોએ શરૂ કરાયેલું આ સર્ચ ઓપરેશન હજુ આગળના દિવસોમાં પણ ચાલુ રહેવાની સંભાવના છે. આવકવેરા વિભાગનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પ્રોપર્ટી બ્રોકર આગમ વાડેચાએ પોપટની જેમ તમામ રોકાણોનાં કાચા-પાકા હિસાબો મમરાની જેમ ડીડીઆઈ વિંગના અધિકારીઓ સમક્ષ વેરી દેતાં ઘણા બિલ્ડરો-જમીન માલિકો આવકવેરા વિભાગની ગિરફ્તમાં આવવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

## જમીન માલિકો-ખેડૂતોના વ્યવહારોની થોકબંધ ડાયરી સીઝ કરાઈ

આ સર્ચ ઓપરેશન આવકવેરા વિભાગની ઇન્વેસ્ટિગેશન વિંગના વડા પી.ઘોષની સીધી દેખરેખ હેઠળ ચાલી રહી છે. નવસારીમાં હરીશ સંગાણીના ઓપેરા ગ્રુપ, ધોલેરામાં મીરખ ઇન્ફ્રાટેક, બ્રોકર આગમ વાડેચા અને વિશાલ રાવ સહિતને ત્યાં તપાસ ચાલુ છે. આવકવેરા વિભાગનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પલસાણા- નવસારીમાં જમીન માલિક-ખેડૂતોએ જમીન વેચીને રોકડામાં પેમેન્ટ લીધું છે. જે અંગેની કાચી નોંધ (ડાયરીઓ) પણ મળી આવી છે.

## દરોડાગ્રસ્ત પાર્ટીના બેનંબરી વ્યવહારોની જીએસટી વિભાગ તપાસ કરશે

પ્રોજેક્ટ-ફ્લેટ્સ વેચાણના બેનંબરી વ્યવહારોની વિગતો જીએસટી વિભાગ દ્વારા સુરત આવકવેરા વિભાગ પાસેથી આગામી દિવસોમાં માંગવામાં આવશે. પ્રોપર્ટી બ્રોકરિંગમાં કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહાર પર સીજીએસટી અને જીએસટી વિભાગ નજર રાખી રહી છે. પ્રોપર્ટી બ્રોકરોની આવક પર ૧૮ ટકા જીએસટી લાગુ પડે છે. જ્યારે કોમર્શિયલ-રેસિડેન્ટ વેચાણમાં ૧૨ ટકા જીએસટી લાગુ પડે છે. ઓપેરા ગ્રુપ અને આગમ વાડેચાને ત્યાં આવકવેરા વિભાગની ડીડીઆઇ વિંગના સર્ચ ઓપરેશનમાં કરોડો રૂપિયાના બેનંબરી વ્યવહારો મળી આવ્યા છે, ત્યારે કરોડો રૂપિયાની આવક હોવા છતાં પણ જીએસટી વિભાગથી આવક છુપાવવામાં આવી હોય તો આ મુદ્દે જીએસટી વિભાગ કાર્યવાહી કરવા કમ્મર કસી લીધી છે. જીએસટી વિભાગનાં જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ આ દરોડાની કાર્યવાહી બાદ આવકવેરા વિભાગ પાસેથી દરોડાગ્રસ્ત પાર્ટીના ખરીદ-વેચાણના વ્યવહારોની વિગત માંગવામાં આવશે. જેમનું રજિસ્ટ્રેશન હોય તો ભૂતકાળના રિટર્નનું એનાલિસિસ કરવામાં આવશે. જો જે તે આવક દર્શાવવામાં આવી નહીં હશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.